PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ № 0 3 7 તારીખ: 27 FEB 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,
ઉગાભાઈ જેઠાભાઇ વરચંદ,
C/o, પ્રવીણ વેલા કેરાસીયા
મુ-પો-જવાહર નગર, ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૯૭૮૨૧૮૫૧૦

વિષય :- કેસ નંબર પીજી૦૪/૦૦૪/૨૦૧૮-૧૯

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૪/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, કુકમા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 0 3 7 તારીખ: 27 FEB 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-004-2018-19.

અરજદાર: ઊગાભાઈ જેઠાભાઈ વરચંદ
મુ.પો.જવાહરનગર.
તા.ભુજ-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ
રજૂઆત કરનાર: શ્રી એમ.એચ.સાધુ,નાયબઇજનેરશ્રી,પીજીવીસીએલ,કુકમા પેટાવિભાગ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૫/૦૧/૨૦૧૯

PG-03-005-2018-19



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અમોએ પીજીવીસીએલની કુકમા પેટાવિભાગીય કચેરી મધ્યે નવાં ખેતીવાડી કનેક્શન (૪૦ હો.પા.)માટે અરજી કરેલ હતી.

૧.૧ તા.૦૪/૧૧/૨૦૧૬ના રોજ જરૂરી એસ્ટીમેટની રકમ તથા ટેસ્ટ રીપોર્ટની રકમ ભરપાઈ કરવામાં આવેલ છે.જેના રસીદ નં-૨૫૪૪૮૪/૨૫૪૪૮૫ અને ૨૫૪૪૮૭ છે જેઆ સાથે રજૂ કરેલ છે. તેમ છતાં આજ દિન સુધી અમોને નવું વીજકનેક્શન આપવામાં આવેલ નથી.

૧.૨ સદર કનેક્શનના સ્થળ પર કોન્ટ્રાક્ટર જે-તે સમયે વીઝીટ માટે આવેલ ત્યારે અમોને હાર્ટ એટેક આવી ગયેલ હોતાં અને સતત બીમાર રહેતા હોવાને કારણે રૂબરૂ સંપર્ક થઈ શકેલ નહીં.

૧.૩ તો આ બાબતે અમોની અરજી માન્ય રાખીને નવું ખેતીવાડી વીજકનેક્શન અપાવવા અંગેનો ન્યાયિક હુકમ કરવા અમારી ફોરમ સમક્ષ નમ્ર રજુઆત છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ઊગાભાઈ જેઠાભાઈ વરચંદ દ્વારા પીજીવીસીએલ-ભુજ ડીવીઝનના કુકમા પેટાવિભાગમાં ભુજ તાલુકાના જવાહરનગર ગામે નવા ખેતીવાડી કનેક્શન.(૪૦ હો.પા.) માટે અરજી કરવામાં આવેલ.

૨.૧ અરજદારશ્રી દ્વારા નવા ખેતીવાડી વીજકનેક્શનનું ભાવપત્રક તા.૦૪/૧૧/૨૦૧૬ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કનેક્શનની કામગીરી અંગે કોન્ટ્રાક્ટર અને સંબંધિત પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારનો સંપર્ક કરવામાં આવેલ પરંતુ તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર આવેલ ન હતો.

૨.૨ આ બાબતે કુકમા પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૨૨/૮/૨૦૧૭ના રોજ રજી.એ.ડી. દ્વારા દિવસ ૭(સાત)માં અરજદારને કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવેલ. આમ છતાં અરજદાર દ્વારા કુકમા પેટાવિભાગનો સંપર્ક કરવામાં આવેલ નહીં.

૨.૩ સદર કનેક્શનની એસ.આર. નંબર ૮૩૭૨૯૦૮ ટીકીટ નં. ૨૧૦૦૩૧ થી કેન્સલ બાય યુઝર કરવામાં આવેલ હતી. ત્યારબાદ અરજદારની ફરિયાદ ઉપરથી તા.૧૭/૦૧/૨૦૧૯ના રોજ સદર કેન્સલ બાય યુઝર થયેલ એસ.આર. ફરીથી ઓપન કરવા માટે ટીકીટ નંબર ૧૮૭૯૨૩ મૂકતાં આ એસ.આર. ઓપન થઈ શકે નહીં તેવો રીમાર્ક્સ આવેલ હતો.

૨.૪ આ કારણસર સદર કનેક્શન માટે આગળની કાર્યવાહી થઈ શકેલ નથી.

## :: હુકમ ::

૩.૦ ભુજ તાલુકાના જવાહરનગર ગામે અરજદારશ્રી ઊગાભાઈ જેઠાભાઈ વરચંદ દ્વારા પીજીવીસીએલ-ભુજ ડીવીઝનના કુકમા પેટાવિભાગમાં નવા ખેતીવાડી કનેક્શન .(૪૦ હો.પા.)માટે અરજી કરવામાં આવેલ.



Scanned by CamScanner

૩.૧ નવા ખેતીવાડી કનેક્શનની અરજીના અનુસંધાને અરજદાર દ્વારા સબડીવીઝન ખાતે તા.૦૪/૧૧/૨૦૧૬ના રોજ જરૂરી એસ્ટીમેટની રકમ તથા ટેસ્ટ રીપોર્ટની રકમ ભરપાઈ કરવામાં આવેલ છે, જેની રસીદો ગ્રાહક તરફથી રજૂ કરવામાં આવેલ છે.

૩.૨ ફુકમા સબડીવીઝન દ્વારા સ્થળ ઉપર કોન્ટ્રાક્ટરની વીઝીટ દરમ્યાન અરજદારનો સંપર્ક થઈ શકેલ નથી, જેથી કામગીરી શરૂ થઈ શકેલ નથી. કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા માટે અરજદારને ફુકમા સબડીવીઝન દ્વારા તા.૨૨/૦૮/૨૦૧૭ના રોજ નોટીસ મોકલવામાં આવેલ છે.

૩.૩ ઉપરોક્ત નોટીસમાં દિવસ ૭(સાત)માં કચેરીનો સંપર્ક નહીં કરવામાં આવે તો અરજી રદ કરવામાં આવશે તથા ભરપાઈ કરેલ રકમ રીફંડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩.૪ અરજદાર દ્વારા રૂબરૂ હીયરીંગ દરમ્યાન જણાવેલ કે જે-તે સમયે તેમને હાર્ટ એટેક આવી ગયેલ તેમજ સતત બીમાર રહેતા હોવાથી કચેરીનો રૂબરૂ સંપર્ક કરી શકેલ નથી.

૩.૫ અરજદારના નવા કનેક્શન માટે સર્વે કરવામાં આવે ત્યારે લાઈનનો રૂટ એન્જીનિયર દ્વારા નક્કી કરવામાં આવતો હોય છે. તેમજ સાઈટ સ્કેચમાં પણ લાઈનનો રૂટ દર્શાવવામાં આવતો હોય છે.

૩.૬ ફોરમના મત મુજબ કોન્ટ્રાક્ટરને લાઈન કામ કરવા માટે અરજદારની હાજરીની બિલકુલ આવશ્યકતા હોતી નથી. તેમ છતાં ફુકમા સબડીવીઝન દ્વારા એસ્ટીમેટ ભરપાઈ થયેલ અરજી રદ કરવાની નોટીસ આપવામાં આવેલ છે, તે નિયમોને સુસંગત નથી.

૩.૭ પીજીવીસીએલના અધિકારી/કોન્ટ્રાક્ટરો સાઈટ સ્કેચ મુજબ લાઈન કામ પૂર્ણ કરીને ટેસ્ટ રીપોર્ટ મુજબનું વાયરીંગ હોય તો કનેક્શન રીલીઝ કરી શકે છે.

૩.૮ ખેતીવાડી કનેક્શનમાં લાંબા સમયથી રાહ જોતા અરજદારની માત્ર રૂબરૂ હાજરી નહીં હોવાથી એસ્ટીમેટ ભરપાઈ થયેલ અરજી રદ કરવાનો પીજીવીસીએલના અધિકારીને કોઈ હક્ક પ્રાપ્ત થતો નથી.

૩.૯ ફુકમા સબડીવીઝન દ્વારા નિયમોની ઉપરવટ જઈને અરજદારની વાસ્તવિક મુશ્કેલીનો અભ્યાસ કર્યા વગર એસ.આર.નંબર ૮૩૭૨૮૦૯ ટીકીટ નંબર ૨૧૦૦૩૧થી કેન્સલ બાય યુઝર કરવામાં આવેલ છે, જે નિયમોને સુસંગત નથી.

૪.૦ અરજદારની ફરિયાદ ઉપરથી તા.૧૭/૦૧/૨૦૧૯ના રોજ સદરહુ કેન્સલ બાય યુઝર થયેલ એસ.આર.ઓપન કરવા માટે ટીકીટ નં.પીજી-૨૮૭૯૨૩ મુકતાં સદરહુ એસ.આર. ઓપન ન થઈ શકે તેવા રીમાર્ક્સ સાથે સર્કલ ઓફિસ દ્વારા અરજી રીજેક્ટ કરવામાં આવેલ છે.

૪.૨ સર્કલ ઓફિસ દ્વારા તા.૧૭/૦૧/૨૦૧૯ના એસ.આર. ઓપન કરવાની કાર્યવાહી કરવાને બદલે કોઈપણ જાતના કારણ વગર એસ.આર. રદ કરવામાં આવેલ છે, જે નિયમોને સુસંગત નથી.



Scanned by CamScanner

૪.૩ અરજદારને હાર્ટ એટેક આવેલ હોવાથી તેમજ સતત બીમાર રહેતા હોવા છતાં વજૂદ વગરના કારણથી જે એસ.આર. રીજેક્ટ કરવામાંઆવેલ છે. તે પીજીવીસીએલના સક્ષમ અધિકારી દ્વારા ઓપન કરીને અરજદારના નવા કનેક્શનની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે. અરજદારની ફરિયાદ દૂર કરવામાં આવેલ છે તથા અરજી કૈંસલ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Certified Copy
CGRF, PGVCL, BHUJ



Scanned by CamScanner